ક્રિ.કેસ નં. ૬૦૨૩૩/૧૮

(૧) આ કામમાં દાણીલીમડા/બાપુનગર પો.સ્ટે. દ્વારા આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો કલમ-૨૮૩/
૧૮૮ મુબજનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસનાં
ચાર્જશીટની નકલો ક્રિ.પો.કોડની કલમ-૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી તરફે
સ્પેશીયલ સીટીંગ અન્વયે હાજર રહેતા છે અને તેઓએ સ્પેશીયલ સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ
કરવા માંગતા હોઈ તેઓ દ્વારા ગુનાં કબુલાત પુરસીસ આંક-૨ થી રજુ કરેલ છે. અને ત્યાર બાદ આરોપીની
ઈ.પી.કો કલમ-૨૮૩/૧૮૮ આ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું
જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને તે ગરીબ વ્યક્તિ
છે અને તેનો આ પ્રથમવારનો ગુનો છે. જેથી તેમને યોગ્ય દંડ કરવા જણાવે છે. એ.પી.પી શ્રીએ
આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગો તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની
જોગવાઈને ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**-: હુકમ :-**

આરોપીને ઈ.પી.કો કલમ-૨૮૩/૧૮૮ મુબજના ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની
કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂા.૨૦૦/-(અંકે રૂપિયા બસો
પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને દિવસની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ~~૧૦ મી માહે-ફેબ્રુઆરી સને-૨૦૧૮~~ 9/5/19 ના રોજ ખુલ્લી અદાલતમાં
વાંચી, સભંળાવી જાહેર કર્યો.

(એચ.એન.દેસાઈ)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ.
(GJ 00738)

સ્થળ: અમદાવાદ.
તા. ૯/૫/૧૯